# આશિષે નાનીની થોડીક મદદથી માસ્ક સીવ્યો

IndSciCovid


**by Indian Scientists Response to Covid**

[https://indscicov.in/](https://indscicov.in/)



આશિષ એના ઘરના ઉંબરે બેઠો હતો. હાલના દિવસોમાં ઉંબરો ઓળંગીને બહાર જવાની તેને મનાઈ હતી.જે દિવસથી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું તે દિવસથી જ તેની માસી બીજલ કે જે દાકતર છે, તેમના  દ્વારા તેમને સૌને આ બાબતે કડક સુચના આપવામાં આવેલ હતી.  આમ કરવા પાછળનો મુખ્ય આશય તેમના વૃદ્ધ નાનીને વાઈરસના ચેપથી દુર રાખવાનો હતો. ઘરમાંથી ફક્ત આશિષના પપ્પા બહાર જઈને જરૂરી ચીજવસ્તુઓ અને સામાન લઇ આવતા હતા. જ્યારે પણ તેઓ ઘરેથી બહાર નીકળતા ત્યારે તેઓ દવાની દુકાને જઈને મેડીકલ માસ્કની પણ સમયાન્તરે ખરીદી કરી લાવતા હતા.


આશિષનો મોટો ભાઈ ધ્રુવ પણ ઘરમાં જ હતો. તેના કોલેજના રૂમમેટને કોવીડ ૧૯નો ચેપ લાગ્યો હોવાથી, ધ્રુવ તેના રૂમમાં સેલ્ફ કવોરેનટાઈન થઈને રહેતો હતો. તેને આખો દિવસ તેના પોતાના રૂમમા જ રહેવાનું, અને રાત્રે સુઈ જાય તે સિવાય આખો સમય માસ્ક પહેરીને જ રહેવાનું. આશિષ જ્યારે જ્યારે ધ્રુવ પોતાના રૂમમાંથી બાથરૂમ જવા બહાર આવતો ત્યારે તેનો ગમગીન દેખાતો માસ્ક જોતો. પણ આશિષને રસ્તા પર રંગબેરંગી માસ્ક પહેરીને જતા લોકો દેખાતા હતા.



આશિષે તેની મમ્મીને બુમ પાડીને પૂછ્યું, "મમ્મી, આ રંગબેરંગી માસ્ક શું છે ? આપણે ધ્રુવભાઇ માટે આવો માસ્ક ન લાવી શકીએ ?" તેની મમ્મી જ્યોતિ, તેને શાંત પાડતા બોલી, "આ બધા તો ઘરે બનાવેલા કપડાના માસ્ક છે! અને મોટે મોટેથી ધ્રુવ માટેની આવી બુમો ન પાડ! આજુ બાજુના લોકો ને લાગશે કે તેને કોવીડ ૧૯ થયો છે! એને તો ફક્ત  સાવચેતી માટે કવોરેનટાઈન કર્યો છે અને તે સુનીતા માસીએ કહ્યું છે તે પ્રમાણે સલામતી માટે આખો દિવસ માસ્ક પહેરી રાખે છે".

આશિષ ને ચુપ રહેવાનું કહ્યું એટલે તે નારાજ થઈને ઘરમાં ચાલ્યો ગયો. તેણે નક્કી કર્યું કે તે ઓનલાઈન માસ્ક ખરીદશે. પછી આશિષે નાનીને સવાલ કરવાના શરુ કર્યા, "નાની તમે માસ્ક સીવી શકો? શું આપણા ઘરે સિલાઈ મશીન છે?"

નાનીએ જવાબ આપ્યો, "મારી આંખો નબળી થઇ ગઈ હોવાથી ઘણા વર્ષો થી આ કામ મેં કર્યું નથી." આશિષે તરત જ બીજો પ્રશ્ન પૂછ્યો, "શું આપણે ઘરે માસ્ક સીવી શકીએ? શું તમે મને માસ્ક સીવતા શીખવાડશો?" પણ નાનીનં ધ્યાન તો ક્યાંક બીજે જ હતું. કારણકે નાનીએ પણ ઘણા દિવસથી ઘરની બહાર પગ નહોતો મુક્યો જેના લીધે તેણીનું આડોશ પડોશની બહેનપણીઓ સાથે ગપ્પા ગોષ્ઠી કરવાનું પણ બંધ થઇ ગયું હતું. નાનીને ફોન વાપરવો જરા પણ  ગમતો નહી અને હવે આવી પરિસ્થિતિમાં પણ ફોન નહી વાપરવાને લીધે તેણીને તેની બહેનપણીઓ સુખરૂપ હશે કે નહિ તેવી  ચિંતા થતી હતી.



આશિષે ફરી એક વાર તેની મમ્મીને કપડાના માસ્ક બાબતે સમજાવતા કહ્યું, "મેં જે વાંચ્યું છે એ પ્રમાણે કપડાના માસ્ક પપ્પાને જો વાઈરસનો ચેપ હશે તો એનો ફેલાવો રોકવામાં મદદ કરશે. એવું લાગે તો માસીને પૂછી જુઓ."

જ્યોતિની બહેન બીજલ સ્થાનિક સરકારી દવાખાનામાં દાકતર છે. હાલમાં તો તેણી ઘણીજ વ્યસ્ત છે, છતા પણ દર થોડા દિવસે ફોન કરીને તે પોતાની મમ્મી એટલે કે આશિષની નાનીની ખબર અંતર પૂછે છે. છેલ્લે વાત થઇ ત્યારે બીજલ સર્જીકલ માસ્કની અછત વિષે વાત કરતી હતી. આ સાંભળીને જ્યોતિને ચિંતા થતી હતી અને તે વિચારતી હતી કે, "જો આપને બધા કપડાના માસ્ક પહેરવાના ચાલુ કરીએ તો કદાચ બીજલ અને તેના સહ કર્મીઓ ને માસ્કની અછત નહી અનુભવાય."




એ દિવસે મોડેથી જ્યોતિએ નાનીનો સીવણ માટેનો નાનો ડબ્બો બહાર કાઢ્યો. એને જોઇને નાની પણ કામગીરીમાં જોડાઈ ગયા. આશિષે પાછુ પ્રશ્નો પૂછવાનું ચાલુ કર્યું, "આ શેના માટે વપરાય છે? આ હુક શેના માટે છે? તમે સોયમાં દોરો કેવી રીતે પરોવો છો?" જ્યોતિ પાસે તેની મમ્મી જેટલી સીલાઈકામ કરવાની કે આશિષના પ્રશ્નોનો જવાબ આપવાની ધીરજ નહોતી એટલે બંને કામગીરી  તેણીએ નાની ને સોંપી દીધી. નાનીએ સૌ પહેલા આશિષને થોડા સાદા ટાન્કા લેતા શીખવ્યું. ત્યારપછી, આશિષે ત્રણ સ્તરીય ડીઝાઈન શીખી અને  નાની સાથે રહીને સીવણકામ કરવા માટેની સૂચનાઓ પણ વાંચી. જ્યોતિએ થોડા જુના ઓશિકાના કવર શોધ્યા જેનો તેઓ કાપીને માસ્ક બનાવવા માટે ઉપયોગ કરી શકે. બીજા દિવસેઆશિષે માસ્ક બનાવવાનું શરુ કર્યું.

આગલી રાતે ઘરમાં કપડાના માસ્ક વાપરવા બાબતે  ઘણી લાંબી ચર્ચા થઇ. આશિષ અને તેની મમ્મી એ ઘણી બધી દલીલો કરી તે છતા પણ તેના પપ્પા વાત માનવા તૈયાર નહોતા. રાત્રે સુતા પહેલા આશિષે સાબુથી તેનો માસ્ક ધોઈને સુકવી દીધો.



થોડા દિવસો પછી આશિષે જોયું કે તેના પપ્પા તેનો બનાવેલો કપડાનો માસ્ક પહેરીને બહાર જઈ રહ્યા છે! તેણે પૂછ્યું, "પપ્પા, તમે આ માસ્ક સાથે બહુજ સરસ લાગો છો! શું તમે અરીસામાં જોયા બાદ તમારો નિર્ણય બદલ્યો છે?"

પપ્પાએ તરતજ કહ્યું, "હા, મને સરસ દેખાવાનું તો ગમે જ છે! પણ મેં અમુક સરકારી વેબસાઈટ જોઈ અને બીજલમાસીને પણ વાત કરી. તેણી એ કહ્યુકે મારા માટે બહાર જતી વખતે કપડાનું માસ્ક વાપરવું સલામત છે. પણ ધ્રુવભાઈ મેડીકલ માસ્ક વાપરે તે જરૂરી છે કારણકે તેમને વાઈરસનો ચેપ લાગ્યો હોય તેની શક્યતા થોડી વધુ છે. તેણીએ મમ્મીને સવારે એસએમએસ મોકલીને કહ્યુકે તેની સાથે કામ કરતા બધા લોકો પણ તમારો આ શરૂઆત કરવા માટે આભાર માને છે. આપના માટે મેડીકલ માસ્કનો ઓછો ઉપયોગ એટલે તેમના માટે વધુ સંખ્યામાં મેડીકલ માસ્કની ઉપલબ્ધી! શું તું અને નાની મળીને ફક્ત આપણા માટે જ નહિ પણ આપણા મિત્રો માટે પણ માસ્ક બનાવશો?"







LABONIE

નાની એ તેની બહેનપણીના સિલાઈ મશીન પર આશિષને સિલાઈ કરતા શીખવાડ્યું. જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ આશિષને બહાર જઈને રમવાનું મન ઓછુ થતું ગયું અને તેનો વધુ ને વધુ સમય માસ્ક કાપવા અને સીવવામાં જવા લાગ્યો! નાનીને તો તેની નબળી આંખોને લીધે આશિષના માસ્કના કટિંગ માટેના સહાયક તરીકે જ કામ કરવાનું થતું છતાં  પણ તેમને તેમની આ જૂની કળા પુનર્જીવિત કરવાની મજા આવવા લાગી.  જ્યારે જ્યારે આશિષને માસ્કની કોઈ નવી ડીઝાઈન મળતી ત્યારે તે નાનીને તે બતાવતો અને બંને જણા લાંબા સમય સુધી એના વિષે વાતો કર્યા કરતા.

નાનીએ આશિષને કહ્યું, "મને તેઓ ફક્ત સાદા બ્લાઉઝ સીવતા જ આવડે છે , પણ જ્યારે આ બધું પૂરું થઇ જશે પછી હું તને મારી બહેનપણી કલ્પનાનો દીકરો કે આ રોડ પર આગળ રહે છે તેને મેળવીશ, તે દરજી છે અને તને તે ઘણું બધું નવું શીખવાડશે!" આશિષ નવા માસ્ક સીવતા સીવતા  ઉત્સાહથી કહેવા લાગ્યો, "મારાથી તો રાહ જ નથી જોવાતી!"

આ લાક્ષણિક દૃશ્યો દર્શાવવા અને અમે પૂરી પાડેલી માહિતી ને સંદર્ભિત કરવા માટે છે. આવશ્યકપણે, આ વાત ને સરળ બનાવે છે. કૃપા કરીને ખાતરી કરો કે તમે વૈજ્ઞાનિક ચોકસાઈ માટે વેબસાઇટ પરના દસ્તાવેજો ને જોવો

